સંક્ષિપ્ત સમાચાર

જંબુસર કુંઢળ રોડ પાસેથી સાત જુગારી ઝડપાયા

ભરૂચઃ જંબુસર પોલીસે રવિવારે રાત્રિ દરમિયાન જંબુસર-કુંઢળ રોડ પાસે આવેલા કેરાવ તળાવની પાળે દરોડો પાડી જુગાર રમતા સાતને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરીફ કરીમ ઘોડાવાલા (રહે., નેશનલ પાર્ક સોસાયટી), સઈદ ઉર્ફે પોટીયો અબ્બાસ મલેક (રહે., ખાનપુરી બાગોળ, નવીનગરી), મહેબુબ અબ્દુલ ઘોડાવાલા (રહે., ગંજખાના, ભાગલીવાડ), ઈકબાલ નવસાદ મલેક, ઈમ્તિયાઝ યાસીન મલેક, ઇકબાલ ગુલામ સૈયદ (તમામ રહે., ભાગલીવાડ, જૈનવાડી), નાઝિસનેમા પાસે અને ગુલામ રસુલ એહમદ શેખ (રહે., જંબુસર) ને ઝડપી પાડી 22 હજારની મતા કબજે કરી હતી.

ઓલપાડના અટોદરાથી ૬ જુગારી ઝડપાયા, બે ફરાર

જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ પોલીસે અટોદરા ગામની સીમમાં અંજની હોમ્સ સોસાયટીની પાછળ આવેલ ખુલ્લા ખેતરાડી રસ્તા ઉપર જુગાર રમતા 6ને ઝડપી પાડ્યા હતા. પોલીસે પ્રફુલ બળવંત રાઠોડ (રહે., હળપતિવાસ, અટોદરા), સાહિલ મુકેશ જોગી અને અર્જુન બાલુ દેવીપુજક (બન્ને રહે., નિહોળા નગર, ઓલપાડ), અક્ષય કમલેશ રાઠોડ અને વિપુલ ઉર્ફે રપ્પો પ્રવિણ રાઠોડ (બન્ને રહે., મોટી કોલોની, સાંઘીએર), ફુરહાન સલીમ મેમણ (રહે., અટોદરા) ઝડપી પાડી રોકડા, મોબાઈલ, બે બાઈક સહિત કુલ 90 હજારની મતા કબજે કરી અજય દેવીપુજક અને ફેનિલ સહિત બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

સુરત જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના અધ્યક્ષપદે નિરવ લાડની વરણી

હિતેશ પટેલ

માંડવીઃ સુરત જિલ્લા પંચાયતની મહત્ત્વની બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે ઘંટોલી જિલ્લા પંચાયત બેઠક પરથી વિજયી બનેલા નિરવભાઈ લાડની વરણી કરવામાં આવી છે. આ નિમણૂક બાદ તેમના સમર્થકો અને શુભેચ્છકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે, અને વિવિધ રાજકીય, સામાજિક તથા સ્થાનિક આગેવાનો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. બાંધકામ સમિતિના અધ્યક્ષપદની જવાબદારી સંભાળ્યા બાદ નિરવભાઈ લાડે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ આપવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

અંકલેશ્વર BSNLની જર્જરિત દિવાલ તૂટી

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નંબર-4માં આવેલા સંજયનગરમાં આવેલી બીએસએનએલ ઓફિસની વર્ષો જૂની અને અત્યંત જર્જરિત દિવાલનો એક મોટો ભાગ કડડભૂસ થઈને ધરાશાયી થઈ ગયો હતો. વહેલી સવારનો સમય હોવાના કારણે રસ્તા પર લોકોની અવરજવર ઓછી હતી, જેને લીધે સદનસીબે એક મોટી જાનહાનિ ટળી ગઈ છે. ઘટનાની ગંભીરતાને સમજીને અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર કાફલા સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેસીબી મશીન મારફતે નમેલી દિવાલને તોડી પાડીને હટાવી દીધી હતી.

અસનાડ કોટન મંડળીમાં પ્રમુખપદની ચૂંટણીમાં ત્રિકોણીયો જંગ રહ્યો

જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ જીન કેમ્પસની ધી અસનાડ કોટન સહકારી મંડળીમાં પ્રમુખપદના એક વર્ષની મુદત માટે યોજાયેલી ચૂંટણીના ત્રિકોણીયા જંગમાં કુંભારી ગામના હરિઓમ પટેલનો ૬ મતે ભવ્ય વિજય થયો છે. જ્યારે તેમના હરીફ ઉમેદવાર નિમેષ પટેલ અને ધીરૂભાઈ પટેલ બંન્નેને માત્ર પાંચ-પાંચ મત મળતા બન્નેની હાર થઈ છે. અસનાડ ગ્રુપ કો. ઓ.કોટન સહકારી મંડળીમાં એક વર્ષની મુદત માટે પ્રમુખપદ નક્કી કરવા સોમવાર, તા.૦૬ ના રોજ મંડળીના ૨૧ બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટિંગ મંડળીના પ્રમુખ વસંતભાઈ રણછોડભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જો કે મંડળીના પ્રમુખપદની રેસમાંથી વર્તમાન પ્રમુખ અને હાલમાં ઓલપાડ બેઠક પરથી સુમુલ ડેરીની ચૂંટણી લડી વસંત પટેલ ખસી જતાં આ ચૂંટણીમાં મંડળીના માજી પ્રમુખ નિમેષ હસમુખભાઈ પટેલ(ભાદોલ), હરિઓમ ભગુભાઈ પટેલ (કુંભારી) અને લવાછાના ધીરૂભાઈ કેશવભાઈ પટેલ વચ્ચે ત્રિકોણીયો જંગ જામ્યો હતો. જો કે આ ચૂંટણીમાં મંડળીના કુલ ૨૧ બોર્ડ ઓફ ડિરેક્ટરોએ મતદાન કરતાં હરિઓમ પટેલને ૧૧ મત, નિમેષભાઈ પટેલને ૫ મત અને ધીરૂભાઈ પટેલને ૫ મત મળ્યા હતા.

બારડોલીમાં પત્ની અને પુત્રીની યાદમાં ફોટોગ્રાફરે જીવન ટૂંકાવ્યું

બારડોલીઃ બારડોલીના ધામડોદ રોડ પર આવેલી શિવ શક્તિ સોસાયટીમાં પત્ની અને પુત્રી પિયર ચાલી જતાં તેમની યાદમાં ફોટોગ્રાફર યુવાને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મહારાષ્ટ્રના શિદખેડાના વરૂળ ગામના વતની અને હાલ બારડોલીની શિવ શક્તિ સોસાયટી ઘર નં. 33માં રહેતા દિનેશભાઈ ભટૂભાઈ પાટીલ (ઉં.વ.૩૫) વ્યવસાયે ફોટોગ્રાફર હતા. દિનેશભાઈના પત્ની અને તેમની ૯ વર્ષની દીકરી વિશ્વા છેલ્લા એકાદ મહિનાથી મહારાષ્ટ્ર ખાતે પોતાના પિયરમાં રહેવા ગયા હતા. પત્ની અને વ્હાલસોયી દીકરી દૂર હોવાના કારણે દિનેશભાઈને સતત તેમની યાદ સતાવતી હતી. રવિવારે સાંજે પરિવારની વિરહ વેદના મનમાં લાગી આવતા દિનેશભાઈએ પોતાના ઘરના પંખાના હુક સાથે સાડી બાંધી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉચ્છલમાં કારચાલકે ટક્કર મારતાં રાહદારીનું મોત

વ્યારાઃ ઉચ્છલના મીરકોટમાં ગામની સીમમાં સુરત- ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર અલ્ટો કાર (નં. GJ 05 CQ 6772)ના ચાલક પ્રશાંત નરહરી ગુરવ (રહે., 282, ગોપાલનગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા, સુરત, મૂળ ચીમઠાણા, ધુલિયા)એ પોતાની કાર ગફલત ભરી રીતે હંકારી લાવી મીરકોટ પાસે ચાલતા જતાં રાહદારીને અડફટે લીધો હતો. જે દરમિયાન 48 વર્ષીય અજાણ્યા રાહદારીને ગંભીર ઈજા થતાં તેનું મોત નીપજ્યું હતું. જે અંગે ઉચ્છલ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તાતીથૈયામાં પાણી સમજી કેમિકલ પી જતાં શ્રમિકનું મોત

પલસાણાઃ તાતીથૈયા ગામની એક કપડાની મિલમાં કામ પાણીના બદલે ભૂલથી કેમિકલ પી જતાં શ્રમિક યુવાનનું મોત નીપજ્યું છે. મૂળ ઉત્તર પ્રદેશના ચિત્રકૂટના સરઘુવા ગામના વતની અને હાલ કડોદરાના ક્રિષ્ણાનગર સ્થિત જય મહાવીર કોમ્પ્લેક્સમાં રહેતા પવન પંચપાલ યાદવ (ઉં.વ.૨૮) તાતીથૈયા ગામમાં આવેલી 'પંકજ ફેશન મિલ'ના પ્રિન્ટિંગ વિભાગમાં મજૂરી કામ કરતાં હતા. રવિવારે વહેલી સવારે ૪:૩૦ વાગ્યાની આસપાસ તેઓ મશીન પર કામ કરી રહ્યા હતા, તે દરમિયાન તેમને તરસ લાગતા કપડાં ધોવાનું કેમિકલ તેઓ ભૂલથી પાણી સમજીને પી ગયા હતા. જે બાદ તબિયત લથડતાં પ્રાથમિક સારવાર બાદ સંજીવની હોસ્પિટલમાં ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દયાદરા પાસે બે બાઇકની જોરદાર ટક્કર, એકનું મોત, ત્રણ ઘાયલ



ભરૂચઃ દયાદરા ગામ નજીકના માર્ગ પર બે બાઇકસવારો વચ્ચે અચાનક જોરદાર ટક્કર સર્જાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ભયાનક અકસ્માતમાં દયાદરા ગામના રહેવાસી કૌશિક વસાવા નામના યુવકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અન્ય ત્રણ યુવકોને 108 મારફતે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બારડોલી સુગરની ચૂંટણીમાં ઝોન વાઈઝ મતદાન પ્રક્રિયા રાખવા માંગ

વહીવટકર્તાઓ, કલેક્ટર અને જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ રજૂઆત

બારડોલીઃ એશિયાની સહકારી ક્ષેત્રની મોટી સહકારી સંસ્થાઓમાં જેની ગણના થાય છે તેવી બારડોલીની શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની આગામી ચૂંટણીના ભણકારા વચ્ચે સભાસદો દ્વારા ચૂંટણીના નિયમો બાબતે મોરચો ખોલવામાં આવ્યો છે. સભાસદોએ મંડળીના વહીવટકર્તાઓ સહિત સુરતના જિલ્લા કલેક્ટર અને સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રારને પત્ર પાઠવીને કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવા રજૂઆત કરી છે.

અરજીમાં ભૂતકાળના કાયદાકીય સુધારાઓનો હવાલો આપતા જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૯માં રાજ્ય સરકારે કાયદામાં સુધારો કરીને ખાંડ કારખાનાઓને વિશિષ્ટ મંડળીમાંથી મુક્ત કર્યા હતા, જેના કારણે ૨૦૨૦ની ચૂંટણી મંડળીએ પોતે યોજી હતી. જોકે, હાઈકોર્ટે આ સુધારાને ગેરબંધારણીય જાહેર કરતાં હવે બારડોલી સુગર ફેક્ટરી ફરી વિશિષ્ટ મંડળીની શ્રેણીમાં આવી ગઈ છે. આ સ્થિતિમાં હવે ચૂંટણી યોજવાની સંપૂર્ણ સત્તા જિલ્લા કલેક્ટર હસ્તક રહે છે.

મુખ્ય વિવાદ મંડળીના આંતરિક ચૂંટણી નિયમ ૧૫ સામે છે, જેમાં સભાસદોને દરેક મતવિભાગમાં વોટ આપવાનો અધિકાર હોવાની આશંકા સેવાઈ રહી છે. અરજીકર્તા સભાસદોના મતે, આ વ્યવસ્થા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને 'ગુજરાત સ્પેસિફાઈડ કો-ઓપરેટિવ સોસાયટીઝ રૂલ્સ, ૧૯૮૨' ના નિયમ ૩એ ની વિરુદ્ધ છે. લોકશાહી ઢબે જે સભાસદ જે મતવિભાગનો સભ્ય હોય, તે માત્ર પોતાના જ મતવિભાગ પૂરતો સીમિત રહીને મતદાન કે ઉમેદવારી કરી શકે.

સભાસદોએ વહીવટી તંત્ર પાસે માંગ કરી છે કે વર્ષ ૨૦૧૫માં કલેક્ટરે જે રીતે ૧૧ મતવિભાગો પાડીને ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરાવી હતી, તેવી જ રીતે આ વખતે પણ ઝોનવાઈઝ એક જ મતદાનના અધિકાર સાથે ચૂંટણી પ્રક્રિયાની દરખાસ્ત કલેક્ટર અને રજિસ્ટ્રારને મોકલવામાં આવે. આ અરજી મંડળીના સભાસદો સુનિલકુમાર આઈ. પટેલ, સ્વાતિબેન પી.પટેલ, પરેશભાઈ કે. પટેલ, મહેશભાઈ સી.પટેલ, અનિલભાઈ સી. પટેલ અને જયંતિભાઈ એમ પટેલ દ્વારા કરવામાં આવી છે.

વાસંદારૂઢીમાં પતિના જન્મદિને કેક કાપવાની બોલાચાલીમાં પરિણીતાનો આપઘાત

કામરેજઃ વાસંદારૂઢીમાં રહેતી પરિણીતાના પતિના જન્મ દિવસે જમવા તેમજ કેક કાપવા બાબતે બોલાચાલી થતાં જંતુનાશક દવા પી જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ તાલુકાના વાસંદારૂઢી ગામે ખાડી ફળિયામાં રહેતી પૂજાબેન ગીરીશભાઈ રાઠોડ (ઉં.વ.28)ના પતિ ગિરિશનો ગત તા.1 જુલાઈએ જન્મદિવસ હોવાથી જમવા અને કેક કાપવા બાબતે પતિ સાથે બોલાચાલી થઈ હતી. આ ઝઘડા બાદ પૂજાબેનએ ઘરમાં પાછળ વાડામાં જઈને જંતુનાશક દવા પી લેતાં તેમની તબિયત લથડી હતી જે સાથે તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પીટલમાં દાખલ કર્યા બાદા નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન રવિવારના રોજ તેમનું મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં ગધેડાને બચાવવા જતાં યુવકનું અકસ્માતમાં મોત

પાલિકામાં રખડતા પશુઓને પકડવા માટે વારંવાર રજૂઆતઃ જીગ્નેશ બ્રહ્મભટ્ટ

ભરૂચઃ ભરૂચ શહેરના સ્ટેશન માર્ગ પર ઘીકોડિયા નજીક રવિવારે મોડી રાત્રે એક માર્ગ અકસ્માતમાં 27 વર્ષીય યુવકનું કરુણ મોત થયું છે. યુવકે રખડતા ગધેડાને બચાવવાના પ્રયાસમાં મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો અને તૂટેલી લોખંડની રેલિંગ સાથે અથડાતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

મૃતક યુવકનું નામ ચિરાગ બાબુભાઈ પરમાર છે. તેઓ સરસ્વતી ચાલ, ભરૂચ ખાતે રહેતા હતા. રવિવારે રાત્રે તેઓ મોપેડ પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક રસ્તા પર આવી ગયેલા ગધેડાને બચાવવાના પ્રયાસમાં તેમણે મોપેડ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. અકસ્માત દરમિયાન ચિરાગ રસ્તાની બાજુમાં આવેલી તૂટેલી લોખંડની રેલિંગ સાથે અથડાયા હતા. રેલિંગનો એક તીક્ષ્ણ ભાગ તેમના માથામાં ઘૂસી જતાં તેમને ગંભીર ઇજાઓ થઈ હતી. આસપાસના લોકો તેમને સારવાર માટે લઈ જાય તે પહેલાં જ ઘટનાસ્થળે તેમણે દમ તોડ્યો હતો.

ભરૂચ નગરપાલિકાના વિરોધ પક્ષના સભ્ય જીગ્નેશ બ્રહ્મભટ્ટે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. તેમણે જણાવ્યું કે, આ પહેલાં પણ પાલિકામાં રખડતા પશુઓને પકડવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવી, પરંતુ તંત્ર ઉદાસીન રહ્યું. તેમણે આરોપ લગાવ્યો કે પાલિકા પાસે કૂતરાઓ માટે ટીમ છે, પરંતુ રખડતા ગધેડા કે ભૂંડ માટે કોઈ વ્યવસ્થા નથી. તેમણે ચીફ ઓફિસર અને પાલિકાના શાસકોને તાત્કાલિક રખડતા પશુઓને પકડીને પાંજરાપોળ ભેગા કરવાની કામગીરી શરૂ કરવા, તેમજ મૃતકના પરિવારને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે.

અંકલેશ્વર ગ્રામ્યમાં વારંવાર વીજ સંકટ, ગ્રામજનોમાં ભારે રોષ

વીજ પુરવઠો ખોરવાતા વિદ્યાર્થીઓના અભ્યાસને અસર

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના રૂરલ વિસ્તારમાં વારંવાર થતાં વીજ કાપને કારણે 50થી વધુ ગામોના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સૌથી વધુ અસર ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડી રહી છે. પરીક્ષાની તૈયારી વચ્ચે અચાનક વીજ પુરવઠો ખોરવાતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, 50થી વધુ ગામો માટે DGVCLમાં સ્ટાફની અછત પણ ગંભીર સમસ્યા બની રહી છે, જેના કારણે ફરિયાદોના સમયસર નિકાલમાં પણ વિલંબ થઈ રહ્યો છે. વર્ષો વીતી ગયા છતાં DGVCL અને GETCO ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાયી અને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહ્યાં હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ગ્રામજનોનું કહેવું છે કે અંકલેશ્વરના ગ્રામીણ વિસ્તારના પ્રશ્નો અંગે સ્થાનિક રાજકીય આગેવાનો દ્વારા વિધાનસભા કે લોકસભામાં પણ પૂરજોશમાં અવાજ ઉઠાવવામાં આવ્યો નથી, જે અત્યંત દુઃખદ બાબત છે. ગ્રામજનોમાં હવે એવો સવાલ ઉઠી રહ્યો છે કે આખરે અંકલેશ્વરની ગ્રામ્ય પ્રજાએ આ વીજ કાપનો માર હજુ કેટલો સમય સુધી સહન કરવો પડશે? જો તંત્ર દ્વારા વહેલી તકે કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવામાં આવે તો નવાઈ નહીં.

પલસાણા પ્રોહિબિશન ગુનામાં એક વર્ષથી વોન્ટેડ જોળવા ગામેથી ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે પલસાણાના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર આરોપી મોહન પુરૂષોતમ પરીડા (ઉં.વ.૨૬, રહે., ૪૩૪, અરાધના ડ્રીમ, જોળવા)ને તેની સોસાયટી પાસેથી ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં તેને ગુનાની કબુલાત કરી હતી અને પોતે આ ગુનામાં નાસતો ફરતો હોવાનું સ્વીકારતા પલસાણા પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કર્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm
Minions & Monsters
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઇસમો માટે માંગરોલ તાલુકાના નાંદોલા ગ્રામપંચાયત કચેરીના મકાનનું જુનું બાંધકામ તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તારીખઃ ૦૮/૭/૨૦૨૬ બુધવારના બપોરે સમયઃ ૧૨:૦૦ કલાકે ગ્રા. પ. નાંદોલા, તા. માંગરોલ, જી. સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છુક ઇસમોને હાજર રહેવા વિનંતી છે. હરાજી શરતોને આધીન રહેશે.

સરપંચશ્રી
નાંદોલા ગ્રામ પંચાયત
તા. માંગરોળ, જી. સુરત
મો.૯૮૨૪૩૦૦૭૫૩

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૫૬/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- સુમિત્રાબેન તે ભાણાભાઇ વસાવાની પુત્રી અને માધવભાઇ વસાવાની પત્ની, રહે.માંડવી, મોટા કુંભારવાડ, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ સબરજીસ્ટ્રાર માંડવી નગરપાલિકા, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સુમિત્રાબેન તે ભાણાભાઈ વસાવાની પુત્રી અને માધવભાઈ વસાવાની પત્ની, રહે.માંડવી, મોટા કુંભારવાડ, તા.માંડવી, જી.સુરત- ૩૯૪૧૬૦એ તેઓના માતા ઉકરડીબેન ભાણાભાઇ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઉકરડીબેન ભાણાભાઇ વસાવા ૨. મરણ તારીખ: ૦૩/૧૧/૨૦૧૭ ૩. મરણનું સ્થળ: મોજે.માંડવી, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઉકરડીબેન ભાણાભાઇ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૭/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૨/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- મુન્નાભાઇ સામસિંગભાઇ વસાવા, રહે.ચવડા, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ચવડા ગ્રા.પં., તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મુન્નાભાઇ સામસિંગભાઇ વસાવા, રહે.ચવડા, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫એ તેઓના પુત્ર આયુશકુમાર મુન્નાભાઇ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: આયુશકુમાર મુન્નાભાઇ વસાવા ૨. જન્મ તારીખ: ૧૯/૧૧/૨૦૧૫ ૩. જન્મનું સ્થળ: મોજે.ચવડા, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે આયુશકુમાર મુન્નાભાઇ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

ભૂવાસણમાં ફેક્ટરીઓના પ્રદૂષણ, બાંધકામ સામે આંદોલનની ચીમકી

દસ ગામના લોકોની બેઠકમાં તંત્રના અધિકારીઓ ઉપસ્થિત નહીં રહેતા ગ્રામજનોમાં ભારે રોષ

બારડોલીઃ બારડોલી તાલુકાના ભૂવાસણ ગામની સીમમાં, તરભોણ પાટિયા પાસે આવેલી ફેક્ટરીઓ દ્વારા ફેલાવવામાં આવી રહેલા કથિત પ્રદૂષણ અને ગેરકાયદે બાંધકામનો મુદ્દો હવે ગરમાયો છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે ભૂવાસણ હોલ ખાતે આજુબાજુના દસ જેટલા ગામોના લોકોની એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપરાંત સંબંધિત ફેક્ટરીઓના માલિકો, ભૂવાસણ ગામના સરપંચ, તલાટી તેમજ બારડોલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ તરભોણ, છીત્રા, ભૂવાસણ, વડોલી, પારડી, નોગામા, વાઘેચ, અમરોલી અને ખરડ સહિતના આજુબાજુના દસ જેટલા ગામોના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન ગ્રામજનોએ ફેક્ટરી માલિકો સામે રોષ ઠાલવતા આક્ષેપ કર્યો હતો કે ફેક્ટરીઓ દ્વારા આડેધડ ગેરકાયદે બાંધકામ કરીને કુદરતી પાણીના કોતરો પૂરી દેવામાં આવ્યા છે, જેના કારણે ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. આ ઉપરાંત, ફેક્ટરીઓ દ્વારા ખુલ્લેઆમ પ્લાસ્ટિક બાળીને હવાનું ભયાનક પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે, જેનાથી સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. લોકોએ ફેક્ટરીઓને તાત્કાલિક ધોરણે બંધ કરવાની ઉગ્ર માંગ કરી છે.

બીજી તરફ, ફેક્ટરી માલિકોએ પોતાનો બચાવ કરતાં જણાવ્યું હતું કે તેમને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) તરફથી વેસ્ટ એટલે કે આરડીએફ સળગાવવાની કાયદેસરની પરવાનગી મળેલી છે. જોકે, માલિકોના આ ખુલાસાથી ગ્રામજનો સંતુષ્ટ થયા ન હતા. બેઠકમાં હાજર રહેવા માટે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ ગેરહાજર રહેતા ગ્રામજનોમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી અને રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે તેઓ આ મામલે ટૂંક સમયમાં ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરશે અને જો આગામી દિવસોમાં કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો દસેય ગામના લોકો ભેગા મળીને વહીવટી તંત્ર સામે ઉગ્ર આંદોલન છેડશે.

ગેરકાયદે બાંધકામની કાયદેસરની કાર્યવાહી થશેઃ ઈન્ચાર્જ તલાટી

ભૂવાસણના ઇન્ચાર્જ તલાટી કમ મંત્રી મયુર વસાવાએ જણાવ્યું હતું કે જે ગેરકાયદે બાંધકામ થયું છે, તે કંપનીને અમે નોટિસ આપી જ છે અને આગામી દિવસોમાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ પ્રદૂષણ ફેલાવતી મિલો બાબતે પણ પંચાયત તરફથી જીપીસીબીને જે જાણ કરવાની હશે તે કરવામાં આવશે.

જળ, હવા, જમીન પ્રદૂષણઃ, આરોગ્ય સાથે ચેડાંઃ સ્થાનિક ખેડૂત

ગામના ખેડૂત ભરતસિંહ પરમારે જણાવ્યું હતું કે આ ફેક્ટરીઓ દ્વારા ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે. સરકારી રોડની બાજુમાં પાઇપલાઇન નાંખી પાણી છોડવામાં આવી રહ્યું છે. જળ, હવા અને જમીનનું પ્રદૂષણ થઈ રહ્યું છે. તેઓ આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. આ ફેક્ટરીઓને તાત્કાલિક બંધ કરવી જોઈએ.

દિવાલના કારણે પાણીનો નિકાલ રોકાયો

ગ્રામજનોનો આક્ષેપ છે કે જ્યાં પાણી નિકાલ માટેની કોતર હતી ત્યાં જ રોડના ગરનાળાની એકદમ લગોલગ દિવાલ ચણી દેવામાં આવી હતી. જેના કારણે રોડ પરથી પાણીનો નિકાલ થઈ શક્યો ન હતો. વર્ષો જૂની કોતર હોવા છતાં અને માર્ગ મકાન વિભાગ દ્વારા ગરનાળું બનાવેલું હોવા છતાં ફેક્ટરી માલિકોએ આડેધડ બાંધકામ કરી પાણીનો પ્રવાહ રોક્યો હતો. જો કે આ દીવાલનો કેટલોક ભાગ તંત્ર દ્વારા તોડવામાં આવ્યો હતો.

બારડોલીમાં કેનાલ પર પુલ તૈયાર પણ એપ્રોચ રોડનું કામ ટલ્લે ચડ્યું

તંત્રની ઘોર બેદરકારીથી અકસ્માતનો ભય, વિભાગોના એકબીજા પર ખો

બારડોલીઃ બારડોલીના અલંકાર મેઈન રોડ નજીક આવેલી કેનાલ પર સરકારી તંત્ર દ્વારા પુલનું નિર્માણ કાર્ય તો પૂર્ણ કરી દેવામાં આવ્યું છે, પરંતુ તેની આજુબાજુનો એપ્રોચ રોડ બનાવવાનું કામ અધ્ધરતાલ લટકી પડતાં સ્થાનિકો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. એપ્રોચ રોડના અભાવે આ માર્ગ પરથી પસાર થતાં હજારો નાના-મોટા વાહનો માટે અકસ્માતનો મોટો ભય ઊભો થયો છે. નવાઈની વાત એ છે કે આ જોખમી જગ્યાએ તંત્ર દ્વારા કોઈ બેરીકેટ કે સાઈન બોર્ડ પણ લગાવવામાં આવ્યા નથી. આ ગંભીર સમસ્યા અંગે જ્યારે સ્થાનિક લોકોએ નહેર ખાતાના કાર્યપાલ ઈજનેરનો સંપર્ક કર્યો, ત્યારે તેમણે જણાવ્યું કે અમારું કામ માત્ર પુલ બનાવવાનું હતું જે પૂર્ણ થઈ ગયું છે, હવે રોડનું પુરાણ અને આગળની કામગીરી નગરપાલિકા કરશે. બીજી તરફ નગરપાલિકાના અધિકારીઓએ આ કામગીરી આર એન્ડ બી (R|B) પંચાયત હસ્તક આવતી હોવાનું કહી પોતાનો હાથ અધ્ધર કરી લીધો હતો. જ્યારે આર એન્ડ બી પંચાયતનો સંપર્ક કરાયો ત્યારે તેમણે આ રસ્તો કામરેજ સ્ટેટ આર એન્ડ બી વિભાગ હેઠળ આવતો હોવાનો દાવો કર્યો હતો. તંત્રના અલગ-અલગ વિભાગો દ્વારા એકબીજા પર દોષનો ટોપલો ઢોળીને 'ખો' આપવામાં આવી રહી છે. અધિકારીઓની આ આંતરિક ખેંચતાણમાં સામાન્ય જનતા ક્યાં સુધી હાલાકી ભોગવશે તે મોટો સવાલ છે. લોકોની માગ છે કે તંત્ર વહેલી તકે હદ વિવાદ ઉકેલી એપ્રોચ રોડનું કામ શરૂ કરે.